
ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



મિહિરભોજસિંહજી કુલદીપસિંહજી દેવડા



રતનસિંહ મનુભા વાઘેલા
અધ્યક્ષ, ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ
મો. ૯૮૯૮૮ ૨૧૭૪૬



શિલ્પાબેન શાહ
લાયોનેસ કલબ



અમિત વી મેવાડા
મો. ૯૭૧૨૭ ૩૨૫૫૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય દ્વારા મતદાન જાગૃતિ રેલીનું આયોજન



અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ ખાતે મતદાન જાગૃતિ અંતર્ગત રેલી અને પોસ્ટર સ્પર્ધા તેમજ વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.





માહી કૉમર્સ ઝોનમાં ક્વિઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું સંચાલન શંકરસિંહ વાઘેલા કૉલેજના પ્રૉ. તરૂણ શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ સામાન્ય જ્ઞાનનો ૫૦ માર્ક્સનો લેખિત રાઉન્ડ યોજવામાં આવ્યો હતો, જેના અંતે ૧૫ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આ ૧૫ વિદ્યાર્થીઓની પાંચ ટીમ પાડવામાં આવી હતી, જે બીજા અને ત્રીજા રાઉન્ડમાંથી પસાર થઈ હતી. ટીમ સી સ્પર્ધાને અંતે વિજેતા જાહેર થઈ હતી, જેમાં રિફ્ફત, ડાહ્યાભાઈ, જયમીનનો સમાવેશ થતો હતો. ટીમ બી દ્વિતિય ક્રમે વિજેતા બની હતી, જેમાં વેદાંત, દર્શન, અમી સામેલ હતાં. દશરથ સર તથા તરૂણ સરના હસ્તે વિજેતાઓને ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. ઑડિયન્સને પણ તેના સાચા જવાબો માટે ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.




પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ કિરીટભાઈ અધ્વર્યુના શુભ હસ્તે બનાસકાંઠા જિલ્લાના હડાદ-પોશીના ગામની સેકન્ડરી-હાયર સેકન્ડરી કન્યા શાળા ખાતે લાયબ્રેરી માટે જરૂરી એવાં ૧૦૦ પુસ્તકોનો અર્પણ વિધિ સંપન્ન કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઍમ પી ચૌધરી ચૅરીટેબલ ટ્રસ્ટના ચેરમેન મણિભાઈ ચૌધરી, હડાદ કન્યા શાળા ટ્રસ્ટના પ્રમુખ, શિક્ષકો અને સમદર્શન ટ્રસ્ટના સાધકો ઉપસ્થિત રહ્યા હતા. ઍમ પી ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી લાયબ્રેરી માટે સ્કૂલને આપવામાં આવેલાં આ પુસ્તકોમાં સાયન્સનાં પુસ્તકો ઉપરાંત નવલકથાઓ, મહાપુરુષોની આત્મકથાઓ, વાર્તાઓ, બાળ સાહિત્ય, ધાર્મિક સાહિત્ય અને સંસ્કાર સિંચનનાં પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## જીઆઈપીઍસ ખાતે બાળદિન નિમિત્તે વિશેષ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે તાજેતરમાં બાળદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકો માટે વિવિધ પ્રકારની રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો સંસ્કૃતિથી પરિચિત થાય તે હેતુથી તેમને કુંભારની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. માટીમાંથી ઘડાતા વિવિધ પ્રકારના આકારો જોઈને બાળકો દંગ રહી ગયાં હતાં. બાળકોને આ સર્જન વિશે વિગતે માહિતી પણ આપવામાં આવી હતી.

## કેમ્પ હનુમાનનાં દર્શનનો સમય પૂર્વવત

ગાંધીનગર, તા. ૨૦

અમદાવાદનાં સુપ્રસિદ્ધ કેમ્પ હનુમાનજી મંદિર, શાહીબાગ ખાતે દર્શનનાં સમયનાં વિવાદમાં શુક્રવાર અને શનિવાર – એમ ૪૮ કલાકનાં પ્રચંડ વિરોધ બાદ હનુમાન ભક્તોની ભક્તિ ફળી હોય તેમ રવિવારે આર્મી કેન્ટોનમેન્ટ દ્વારા દર્શનનો સમય પૂર્વવત્ કરી દીધો છે અને તેને કારણે મંગળા આરતી પણ નિયત સમયે થશે. આ સમાચાર મળતાં જ મંદિરમાં ઉપસ્થિત ભક્તોમાં આનંદની લહેર જોવા મળી હતી. સાથે જ ભક્તોને પેંડા વહેંચાયા હતા અને આર્મીના જવાનોને પણ પેંડાનો પ્રસાદ આપી આભાર માન્યો હતો અને સામૂહિક હનુમાન ચાલીસાનું પઠન થયું હતું.

આ અંગે હનુમાન મંદિર કેમ્પ ટ્રસ્ટના પ્રમુખ પાર્થિવભાઈ અધ્યારુએ જણાવ્યું કે હિન્દુ પરંપરામાં મંગળા આરતીનું મહત્ત્વ હોય છે અને આર્મીના આ નિર્ણયથી દર્શનનો સમય પણ પૂર્વવત્ થયો છે અને મંગળા આરતી પણ હવે રાબેતા મુજબ થઈ શકશે. રવિવારે બપોરે આવેલા નિર્ણયને વધાવી લેવામાં આવ્યો છે. હનુમાન મંદિર કેમ્પ ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળ આર્મીના અધિકારીઓ અને જવાનો, ભક્તો અને હનુમાન સેનાનો આભાર માને છે. આ હનુમાનજીના ભક્તોની આસ્થા સાથે જોડાયેલો મુદ્દો હતો અને મંગળા આરતીનો મુદ્દો હિન્દુ પરંપરા સાથે જોડાયેલો હતો. મંદિરના સમયને પૂર્વવત્ કરી દેવામાં આવતા, તરત જ સોશિયલ મીડિયાનાં માધ્યમે સમાચાર ફેલાતા ભક્તોના અભિનંદનનાં મેસેજ પણ આવવા લાગ્યા હતા. બધા જ ભક્તોએ સાંજે હનુમાનજી દાદા સમક્ષ બેસીને સામૂહિક રામધૂન કરી હતી અને સામૂહિક હનુમાન ચાલીસાનું પઠન પણ કર્યુ હતું.

# જિલ્લાની ખેલાડી નેશનલ યુનિફાઈડ ગેમ માટે ઓરિસ્સામાં



ઓરિસ્સા ખાતે આયોજિત યુનિફાઈડ ફૂટબૉલ નૅશનલ ચૅમ્પિયનશીપમાં ગાંધીનગર જિલ્લાની ખેલાડી પલ્લવી સેનમા ભાગ લઈ રહી છે. ઉલ્લેખનીય છે કે પલ્લવીને તેના પ્રશિક્ષક ભૂપેન્દ્રસિંહ દ્વારા તાલીમ અને જિજ્ઞેશ રાવલ, ગાંધીનગર જિલ્લા ગ્રોથ એન્ડ ડેવલપમેન્ટ મેનેજર, સ્પેશિયલ ઓલિમ્પિક્સ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે.

## અમદાવાદમાં જૈનોનો વર્ષારંભે ૨૨મીથી વિશ્વાનંદ ઉત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૦

જૈન સમાજમાં રાજનગર તરીકે જેની ગણના થાય છે, એવા અમદાવાદમાં વર્ષના પ્રારંભે સૌથી મોટો ઉત્સવ એવા વિશ્વાનંદ ઉત્સવની ઉજવણી એટલે કે એકસાથે ૨૬ મુમુક્ષુ સંસાર છોડીને સંયમમાર્ગ સ્વીકારશે. વિશ્વાનંદ ઉત્સવનો પ્રારંભ ૨૨મી નવેમ્બરથી વિશ્વાનંદ નગરી, રિવરફ્રન્ટ ફ્રેંઢની પાછળ, પાલડી ખાતે થશે. જેમાં, એક આખો પરિવાર અને ચાર-ચાર ભાઈ-બહેન જોડી દીક્ષા ગ્રહણ કરશે. જેમાં સોફ્ટવેર એન્જિનિયરથી માંડીને સિવિલ એન્જિનિયરનો સમાવેશ થાય છે. આ બધાને દીક્ષા પ્રદાન તા.૨૫મીએ સવારે ૬.૩૦ વાગ્યે દીક્ષાવિધિ અને પદપ્રદાનવિધિ થશે. અહીં ૧૩ વર્ષીય ક્ષમાતિલકવિજયજી મ.સા. પણ એક વર્ષથી સંયમમાર્ગની સાધના કરી રહ્યાં છે ત્યારે ૧૨ વર્ષીય મહેંક અને ૧૩ વર્ષીય વીરાંગ પણ દીક્ષા લેવાનાં છે.

જૈનાચાર્ય યોગતિલક-સૂરીશ્વરજી મ.સા.એ જણાવ્યું કે વૈચારિકથી માંડીને વાતાવરણમાં પણ પ્રદૂષણનું સ્તર વધી ગયું છે ત્યારે કહેવાનું કે જૈન સાધુઓ સંપૂર્ણ ઈકોફ્રેન્ડલી જીવન જીવે છે. સાધુ જીવન એ ઈકોફ્રેન્ડલી જીવનથી વિશ્વાનંદ સુધીની યાત્રા છે. જેઓ પ્રકૃતિને અનુસરે છે, તેમની પાસે સાચો આનંદ છે. દુનિયાના સંસારી લોકો ભયમાં જીવે છે જ્યારે સાધુ સ્વયંને અને બીજાને પણ ભય નથી.




(૧) ભારતમાં કોમી એકતા સપ્તાહ કયા મહિનામાં ઉજવવામાં આવે છે ?
(એ) નવેમ્બર
(બી) ડિસેમ્બર
(સી) ઑક્ટોબર
(ડી) જાન્યુઆરી

(૨) તાજેતરમાં ચૂંટણી પંચે કયા નેતાના નેતૃત્વવાળી જેડીયુને ચૂંટણી ચિહ્ન 'તીર' આપવાની જાહેરાત કરી છે ?
(એ) શરદ યાદવ (બી) નીતિશ કુમાર
(સી) રામપાલ યાદવ (ડી) તેજેસ્વી યાદવ

(૩) આઈસીસીએ કયા દેશના ખેલાડી મોહંમદ હાફિઝ પર ખોટી બોલિંગ એક્શન માટે પ્રતિબંધ લગાવી દીધો છે ?
(એ) બાંગ્લાદેશ (બી) શ્રીલંકા
(સી) પાકિસ્તાન (ડી) અફઘાનિસ્તાન

(૪) પદ્મભૂષણ સન્માનિત કઈ ભાષાના વરિષ્ટ કવિ કુંવર નારાયણનું તાજેતરમાં નિધન થયું છે ?
(એ) તમિલ (બી) તેલુગુ
(સી) કન્નડ (ડી) હિન્દી

(૫) ૪૮મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં કયો દેશ ફોકસ દેશ તરીકે જોડાયો છે ?
(એ) અમેરિકા (બી) કેનેડા
(સી) રશિયા (ડી) ફ્રાંસ

(૬) પાકિસ્તાનમાંથી મળી આવેલી દુનિયાની સૌથી જૂની પ્રતિમા કેટલાં વર્ષ જૂની છે ?
(એ) ૧૫૦૦ વર્ષ (બી) ૧૬૦૦ વર્ષ
(સી) ૧૭૦૦ વર્ષ (ડી) ૧૮૦૦ વર્ષ

(૭) માનવ વિકાસ મંત્રાલયે શૈક્ષણિક સંસ્થાઓ પર દેખરેખ રાખવા કયું પોર્ટલ લોન્ચ કર્યું છે ?
(એ) શૈક્ષણિક દેખરેખ પોર્ટલ (બી) ડિજીટલ કાર્ય યોજના
(સી) એચારડી પોર્ટલ (ડી) વિદ્યાર્થી પોર્ટલ

(૮) ૨૦૧૦૭માં મિસ વર્લ્ડનો ખિતાબ કઈ સુંદરીએ જિત્યો હતો ?
(એ) હેમા રામચંદ્ર (બી) માનુષી ચિલ્લર
(સી) એલિના રાઘવ (ડી) દિવ્યા દેશમુખ

(૯) તાજેતરમાં યુજીસીએ કેટલી વિશ્વવિદ્યાલયને સમાપ્ત કરવાની જાહેરાત કરી છે ?
(એ) ૧૧૦ (બી) ૧૧૨
(સી) ૧૨૩ (ડી) ૧૨૫


(૧૦) તાજેતરમાં ભારતીય ખેલાડી પૂજા કાદિયાને વુશુ વિશ્વ કપમાં કયો મેડલ પ્રાપ્ત કર્યો હતો ?
(એ) ગોલ્ડ (બી) સિલ્વર
(સી) બ્રોન્ઝ (ડી) એકપણ નહીં

# મારા ખજાનામાં રોજ ચક્રવૃદ્ધિ વ્યાજથી વધારો થતો રહે છે




એક નાનકડા ગામમાં ભણી ગણીને આગળ વધેલા બે મિત્રો પ્રશાંત અને રોહનની વાત છે. ગામની પતરાવાળી શાળામાં ગણવેશની ખાખી ચડ્ડી અને સફેદ શર્ટ પહેરીને આ બે મિત્રોએ એક જ પાટલી ઉપર સાથે બેસીને પ્રાથમિક શિક્ષણ લીધું. ભણીગણીને બેમાંથી એક મિત્ર પ્રશાંત ગામમાં જ શિક્ષક તરીકે નોકરીમાં જોડાયો અને બીજો મિત્ર રોહન આગળ અભ્યાસ કરવા વિદેશ ગયો.

ભણીને વિદેશની કોઈ મલ્ટીનેશનલ કંપનીમાં રોહનને સીઈઓની મોભાદાર જોબ મળી. લાખો ડોલરમાં એની સેલેરી. વર્ષો પછી એક દિવસ સાંજે વિદેશમાં બેઠા બેઠા રોહનને તેના બાળપણના દોસ્ત પ્રશાંતની ખૂબ યાદ આવી. બે-પાંચ જગ્યાએ ફોન કરીને શાળા જીવનના એ ગોઠીયાનો ફોન નંબર મેળવ્યો. ફટાફટ અધિરાઈથી રોહને બાળપણના મિત્ર પ્રશાંતને ફોન જોડ્યો. પહેલી બે-પાંચ મિનિટ તો બન્ને જણાંએ બાળપણના સંસ્મરણો વાગોળ્યા. પછી રોહને કહ્યું કે, ' હું અહીં એક મલ્ટી નેશનલ કંપનીનો સીઈઓ છું અને ન્યુયોર્કમાં પોશ વિસ્તારમાં વેલ ફર્નિશ બંગલો છે. મારે બે બાળકો પત્ની છે. 'વગેરે વગેરે જાણકારી આપી.



પછી એણે પ્રશાંતને પૂછ્યું કે, ' યાર તું હજી ગામમાં જ રહે છે ? '

પ્રશાંતે કહ્યું, ' હા, બિલકુલ. '

રોહને સવાલ કર્યો, ' ગામમાં તું શું કરે છે? '

'હું ગામમાં અત્યંત અમીર અને વૈભવશાળી જીવન જીવી રહ્યો છું.' પ્રશાંતે કહ્યું.

એણે આશ્ચર્ય સાથે જવાબ આપ્યો, 'એમ ? બહુ સરસ કહેવાય. આપણાં ગામનો સરસ વિકાસ થઈ ગયો છે ?'

'હા ચોક્કસ, એ વાત તો છે જ દોસ્ત.' પ્રશાંતે કહ્યું. પ્રશાંતને રોહને પુછ્યું, ' તારી પાસે અસ્ક્યામતો અને રોક્કડ કેટલી ? '

' મારી પાસે અબજો રૂપિયાની અસક્યામતો અને કરોડો રૂપિયાની મિલકતો છે ? ' ગામડામાં રહેતા પ્રશાંતે કહ્યું.

રોહન ખૂબ જ આનંદિત થઈ ગયો. ભાવવિભોર બનીને પૂછ્યું કે દોસ્ત, 'તું આ મિલકત વ્યવસ્થિત રીતે સચવાય અને વૃદ્ધિ પામે એ રીતે આયોજન તો કર્યું છે ને ? સિક્યોરિટી એજન્સીને બુક કરી છે ને ?'

પ્રશાંતે કહ્યું, ' અરે ના યાર ડર શેનો ? અને સિક્યોરિટી વળી શેની ?

રોહન તો ચોંકી ગયો એ બોલ્યો ' અરે યાર આવું જોખમ ના લે... ફુલપ્રુફ સિક્યોરિટી વ્યવસ્થા રાખજે. '

પ્રશાંત ખડખડાટ હસી પડ્યો અને કહ્યું, 'યાર મારી પાસે અલભ્ય પુસ્તકોનો ખજાનો છે. આ વાંચીને હું ઘડાયો છું. મારા વિચારો પરિપક્વ થયા છે. મને એ ચોરાવાનો કે એમાં ઘટાડો થવાનો ડર જ નથી...'

બે મિત્રો પ્રશાંત અને રોહનના આ ટેલિફોનિક સંવાદના પાયામાં વાંચન અને જ્ઞાનમાં રોકાણનો મહિમા છે. વાંચન-જ્ઞાન માટે કરેલું સમય અને શક્તિનું રોકાણ જીવનપર્યંત ફાયદો આપતું રહે છે. સંઘરેલા રૂપિયા, દ્રવ્ય, કિમતી સામાન ચોરી થવાનો ભય સતાવે છે. અસ્ક્યામતમાં છેતરપીંડીનો ડર લાગે. પણ જ્ઞાન અને વાંચનમાં ચોરી, છેતરપીંડીની કોઈ જગ્યા જ નથી. જ્ઞાન અને વાંચનના મારા એ ખજાનામા પ્રતિદિન ચક્રવૃદ્ધિ વ્યાજથી વધારો જ થતો જાય છે.

અમેરિકાના જાણીતા બાસ્કેટ બોલ પ્લેયર અને બિઝનેસમેન માઈકલ જોર્ડન કહે છે કે, દુનિયામાં ત્રણ પ્રકારના લોકો હોય છે. એક તો એવા પ્રકારના લોકો છે, જે કાર્ય કરવા ખાતર કરે છે. બીજા એવા પ્રકારના લોકો છે જે કાર્યને પૂર્ણ કરવા માટે કરતા હોય છે. અને ત્રીજા એવા પ્રકારના લોકો હોય છે જે કાર્યને અનોખો ઓપ આપે છે, કાર્યને ગતિ આપે છે, કાર્યને પૂર્ણ કરી નવા ઓજસ પાથરવાનું કામ કરે છે. આ ત્રીજા પ્રકારના લોકો નાચતા-ગાતા આનંદ કરતાં કામ કરતાં હોય છે. આવા લોકો હોંશ અને જોશથી કાર્યને સજાવતા-સવારતા હોય છે. આ લોકો આપોઆપ ભીડથી અલગ તરી આવતા હોય છે.

જ્યારે વ્યક્તિ પોતાનું ઘર બનાવે છે ત્યારે એક-એક ઈંટ જોડીને દિવાલો બનાવી ઘર ઊભું કરે છે. કોઈપણ ઈંટ આડી અવળી મૂકાય અને ઈમારત કઢંગી બને અથવા તૂટી પડે તો એનો ઈલ્જામ બીજા કોઈ ઉપર એ કેવી રીતે મૂકી શકે ? બરાબર આ જ ઈકવેશન આપણા જીવન સાથે જોડાયેલુ છે. પ્રતિદિન વ્યવસાય, પ્રોફેશન, આરોગ્ય, સંબંધો, આર્થિક, સામાજિક વગેરે બાબતોની એક એક ઈંટ જોડીને જીવનની ઈમારત બનતી હોય છે. આપણા જીવનની ઈમારત ગમે કે ન ગમે, એ સફળ હોય કે નિષ્ફળ એની પાછળનો સંપૂર્ણ હાથ માત્ર ને માત્ર તમારો પોતાનો જ છે. જીવન નિષ્ફળ ગયું કે યોગ્ય રીતે ન વિકસ્યું તેનો આરોપ માતા-પિતા, ભાઈ-બહેન, મિત્ર-ગુરુ અન્ય કોઈની ઉપર કેવી રીતે મૂકી શકાય. હા, આ લોકો જીવનમાં પથદર્શક અને સહાયકની ભૂમિકા ચોક્કસ ભજવે, પણ જીવનની ઈમારતના ઘડવૈયા તો આપણે સ્વયં જ છીએ. વાંચન અને જ્ઞાનરૂપી ખજાનાને યોગ્ય રીતે ન સમજી શકનાર લોકો હંમેશા સમય વીત્યા પછી ફરિયાદ કરતાં હોય છે કે ચારપાંચ વર્ષ પહેલાં મને જો ખ્યાલ હોત કે આ વિષયની આજે આટલી જરૂર પડવાની છે તો મેં એને યોગ્ય રીતે ન્યાય આપીને તૈયાર કર્યો હોત. મેં કોલેજમાં ને શાળામાં આ વિષય બરાબર તૈયાર કર્યો હતો. ખરેખર તો આ પ્રકારની માનસિકતા એ ખોખલી વિચારધારા છે. આ લોકો પોતાની નિષ્ફળતાનું ઠીકરૂં બીજા કોઈના માથે ફોડી રહ્યા હોય છે. આવા માણસોથી ખરેખર ચેતવા જેવુ હોય છે.

ઘણાં લોકો એમ કહેતા જોવા મળે છે કે, હું સમય નથી કાઢી શકતો. હું ખૂબ વ્યસ્ત રહું છું. કામકાજથી મારું જીવન ઘેરાયેલું રહે છે. સાચી વાત તો એ છે કે, આવા વ્યક્તિઓ જરૂરી અને બીનજરૂરી વસ્તુઓ વચ્ચેનો તાત્વિક ભેદ સમજી શકતા નથી.

જે કામ જરૂરી નથી અને જેનાથી માનસિક, શારીરિક કે આત્મિક વિકાસ થવાનો જ નથી તેવા કામને અલગ તારવીને એની પાછળ ક્યારેય સમય ન વેડફાય એ નક્કી કરી લેવુ જોઈએ. જે કામથી ચોક્કસ રીતે પરિણામ મળવાનું હોય તેવા કામ ઉપર લક્ષ્ય કેન્દ્રિત કરવામાં આવે તો જીવનમાં સમયની કમીની ફરિયાદ જ ન રહે. જ્યાં, જ્યારે અને જેટલો સમય મળે એ સમયને શ્રેષ્ઠતા સુધી પહોંચાડવાનો સંન્નિષ્ઠ પ્રયાસ કરવો પડે. જીવન જો સંગ્રામ છે તો એમાં જીત મેળવવાની જ છે. જીત મેળવવા માટેના બે અમોઘ શસ્ત્ર છે. અને એ છે, વાંચન અને જ્ઞાન. વાંચનથી અનુભવ મળે છે, અનુભવથી જ્ઞાનનું પીંડ બંધાય છે અને જ્ઞાનથી જીવનનું સૌંદર્ય સોળે કળાએ ખીલે છે.

**ધબકાર**

જે ઘરમાં પાંચ સારા પુસ્તક નથી એ ઘરમાં કન્યાદાન કરવાની ભૂલ ન કરવી.

— ગુણવંત શાહ (જાણિતા ગુજરાતી ચિંતક-લેખક)